# પ્રકરણ–૨

મીન લગ્ન કુન્દાંશ (બુધ નાડી)

કુંદાશગે સુખાધીશે સ્વક્ષેત્રે રવિ સંયુકતે

કર્માધિપેણા સંદ્રષ્ટ મીનલગ્ને સુભાગ્યવાન

ચંદ્રલગ્નાધિપે સૌમ્યે કુંદાશે ગુરૂવીક્ષીતે

વિપ્રકાલે પ્રજાતશ્ય પિત્રાર્જિતધનાઢયવાન

કુંદાશકગતે સૌમ્યે ક્ષત્રિયો વા પ્રજાયતે

વિષ્ણુભકિતરતો નિત્યં મહાનૃપતિ સેવકઃ

વૈશ્યકાલે ચ તદ્વારિ બહુવ્યાપારજીવનમ્

ધનધાન્યાદિલાભઃ સ્યાત્ બ્રાહ્મણસ્નેહવાન્ સુખી

શુદ્રકાલે રાજસેવી ભૂમિગ્રામધિપત્યવાન્

વ્યવસાયપરો નિત્યં પશુધાન્યસમૃદ્ધિમાન્

મીન લગ્ન,કુંદાશ નાડીઅંશ,સૂર્ય સાથે બુધ પોતાની રાશિ( મિથુન),દશમાનો માલિક ગુરૂ થી દ્રષ્ટ હોય,વીપ્રકાલ હોય તો પૈતૃક સંપતિથી ધનવાન થાય.ક્ષત્રિય કાલ હોય તો વિષ્ણુભકત અને સરકારી નોકરી કરે.વૈશ્યકાલ હોય તો એક થ ી વધારે વસ્તુનો વેપારી થાય.શુદ્રકાલ હોય તો ગામનો વડો,રાજસેવી,જમીન મીલ્કત ઘણી હોય,પશુધાન્યસમૃદ્ધિવાન હોય .

ઉપરના ફલકથનમાં મીન લગ્નમાં કુંદાશ નાડીઅંશ બુધ સાથે સંબંધ રાખનાર છે.ગુરૂ નાણાંનો કારક છે.સૂર્ય સરકા ર,સરકારી હોદો,વિષ્ણુ ભગવાનનો કારક છે.બુધ વેપારનો કારક છે.વીપ્રકાલ,ક્ષત્રિય કાલ,વૈશ્યકાલ,શુદ્રકાલ કેવી રીતે નક કી કરવામાં આવે છે?સંશોધનનો વિષય ગણાય.

કુંદાશ નાડીઅંશ બુધ સાથે સંબંધ રાખનાર છે.મીન લગ્ન દ્વિસ્વભાવ રાશિ છે.દ્વિસ્વભાવ રાશિઓ મિથુન,કન્ય ા,ધન,મીન છે.મીનની ત્રિકોણ રાશિનો બ્રાહ્મણ વર્ણ છે.ધનની ત્રિકોણ રાશિનો ક્ષત્રિય વર્ણ ગણાય છે.કન્યાની ત્રિકોણ રા શિનો રાશિ વૈશ્ય વર્ણ છે.મિથુનની ત્રિકોણ રાશિનો રાશિનો શુદ્ર વર્ણ છે.

આનો અર્થ એવો થાય કે : દ્વિસ્વભાવ (રાશિઓ મિથુન,કન્યા,ધન,મીન) માં કુંદાશ જેનો સંબંધ બુધ સાથે છે. દ્વિસ્વભા વ રાશિઓ મિથુન,કન્યા,ધન,મીનમાં કુંદાશ નાડીઅંશ એક સમાન જ આવે છે.

| અંશ | કલા | ક્ષેત્ર | નાડી નામ | નાડી | ભાગ | સંબંધ |
|---|---|---|---|---|---|---|
| ૨૧ | ૦૦ | ૧૨ | કુંદા | બુધ | પૂર્વ | ૧–૧૦–૪–૭–ગુરૂ–બુધ |

| વિપ્રકાલ | શુદ્રકાલ | વૈશ્યકાલ | ક્ષત્રિય કાલ |
|---|---|---|---|
| **૧–ભાવ –મીન** | **૪–ભાવ–મિથુન** | **૭–ભાવ–કન્યા** | **૧૦–ભાવ–ધન** |
| **૧–૧૦–૪–૭–ગુરૂ–બુધ** | **૧–૪–૭–૧૦–બુધ–ગુરૂ** | **૪–૫–૭–ચંદ્ર–બુધ** | **૧–૩–૮–૧૦–શુક્ર–ગુરૂ** |

| અંશ | કલા | નાડી નામ | નાડી | ક્ષેત્ર | હોરા | દ્વેષ્કોણ | ચર્તુથાંશ |
|---|---|---|---|---|---|---|---|
| ×ક્ષ | ડડ | ક્રુંદા | બુધ | ક્ષ× | ૫ | ટ | ણ |
| સપ્તાંશ | નવમાંશ | ચર્તુવિશાંશ | ભાંશ | ત્રિશાંશ | ખવેદાંશ | અક્ષવેદાંશ | ષષ્ટયાંશ |
| ક્ષડ | ક્ષડ | ટ | ણ | ક્ષડ | ક્ષક્ષ | , | ણ |

કુંદાશ નાડીઅંશ બુધ સાથે સંબંધ રાખનાર છે.મીન લગ્ન  દ્વિસ્વભાવ રાશિ છે.દ્વિસ્વભાવ  રાશિઓ મિથુન, કન્યા, ધન, મ ીન છે.

મીન લગ્નમાં :–

(૧) ૪થો ભાવ  મિથુન રાશિ,સ્વામી બુધ,શુદ્ર વર્ણ, જે જમીન –મકાન,પશુધાન્યસમૃદ્ધિવાન નો નિર્દેશ કરે છે.

(૨) ૭મો ભાવ કન્યા રાશિ,સ્વામી બુધ,વૈશ્ય વર્ણ,જે એક થા વધારે વસ્તુનો વેપારનો નિર્દેશ કરે છે.

(૩) ૧૦મો ભાવ ધન રાશિ,સ્વામી ગુરૂ,ક્ષત્રિય વર્ણ, વિષ્ણુભકિત (બુધ–ગુરૂ) અને સરકારી નોકરીનો નિર્દેશ કરે છે.

(૪) ૧લો ભાવ મીન રાશિ,સ્વામી ગુરૂ,વિપ્ર વર્ણ પૈતૃક સંપતિથી ધનવાન(૧૦મો ભાવ ધન રાશિ,સ્વામી ગુરૂ, ૯માં સ્થાન  થી બીજુ પિતાનુ ધન સ્થાન)

(૫) નાડીના અંશ–કલા પ્રમાણે જે રાશિનું લગ્ન આવે તે જે સ્થાનનો નિર્દેશ કરતો હોય તે સ્થાનનું ફળ જાતકને મળતું હોય તેવું ઉપરના ઉદાહરણ માં જોવામાં આવે છે.

(૬) નાડી ગ્રંથ પ્રમાણે ફળ કથન માટે નીચેના સિધ્ધાંતો તારવી શકાય.

(૧) ચર ૧–૪–૭–૧૦,સ્થિર ૨–૫–૮–૧૧, દ્વિસ્વભાવ  ૯–૬–૩–૧૨ રાશિ ના અંશ – કલા મેળવવા જોઈએ

(૨) ચર ૧–૪–૭–૧૦,સ્થિર ૨–૫–૮–૧૧, દ્વિસ્વભાવ  ૯–૬–૩–૧૨ રાશિ માં આવતી નાડીઓના નામ જોઈએ.

(૩) ચર ૧–૪–૭–૧૦,સ્થિર ૨–૫–૮–૧૧, દ્વિસ્વભાવ  ૯–૬–૩–૧૨ રાશિ માં નાડી પ્રમાણે નાડીના સ્વામી જોઈએ.

(૪) ચર ૧–૪–૭–૧૦,સ્થિર ૨–૫–૮–૧૧, દ્વિસ્વભાવ  ૯–૬–૩–૧૨ રાશિ ના ષોડશવર્ગ જોઈએ.

(૫) ચર ૧–૪–૭–૧૦,સ્થિર ૨–૫–૮–૧૧, દ્વિસ્વભાવ  ૯–૬–૩–૧૨ રાશિ ના વર્ણ જોઈએ.

(૬) ચર ૧–૪–૭–૧૦,સ્થિર ૨–૫–૮–૧૧, દ્વિસ્વભાવ  ૯–૬–૩–૧૨ રાશિ ના પૂર્વ ભાગ – ઉતર ભાગ જોઈએ

(૭) ચર ૧–૪–૭–૧૦,સ્થિર ૨–૫–૮–૧૧, દ્વિસ્વભાવ  ૯–૬–૩–૧૨ રાશિ નાપુરૂષ માટેના શુભ સ્થાન અને અશુભ સ્થાન

(૮) ચર ૧–૪–૭–૧૦,સ્થિર ૨–૫–૮–૧૧, દ્વિસ્વભાવ  ૯–૬–૩–૧૨ રાશિ ના સ્ત્રી માટેના શુભ સ્થાન અને અશુભ સ્થાન જોઈએ.

(૯) ચર ૧–૪–૭–૧૦,સ્થિર ૨–૫–૮–૧૧, દ્વિસ્વભાવ  ૯–૬–૩–૧૨ રાશિ ના પુરૂષ – સ્ત્રી જાતિ જોઈએ.

(૧૦) ચર ૧–૪–૭–૧૦,સ્થિર ૨–૫–૮–૧૧, દ્વિસ્વભાવ ૯–૬–૩–૧૨ રાશિ નાગુણ સાત્વીક,રાજસીક, તામસી.

(૧૧ ) ઉદાહરણમાં ગુરૂ–બુધ નો સંબંધ છે ગુરૂ–બુધની રાશિ જે સ્થાન માં આવે તેનું ફલકથન કરેલ છે.એવો નિયમ તારવી શકાય કે નાડીના અંશ–કલા પ્રમાણે જે ગ્રહનો સંબંધ થાય તેની રાશિ જે સ્થાનમાં આવે તેનું ફલ ગ્રહો આપે છે.રાહુ – કેતુ છાયા ગ્રહો છે અને શાસ્ત્રમાં રાહુ ને શનિ જેવો તથા કેતુને મંગળ જેવો ગણેલ છે.તેથી રાહુ ને શનિની મકર ,કુંભ તથા કેતુને મેષ, વૃશ્ચિક, રાશિ નો માલિક ગણવો.

(૧૨) ઉદાહરણમાં :– ભચક્રમાં મીન લગ્ન કુંદાશ (બુધ) નાડી એટલે ગુરૂ–બુધ નો સંબંધ થાય.સંબંધ યુતિ,પ્રતિયુતિ,દ્રષ્ટિ એવો અર્થ છે.બુધ–ગુરૂ ની ૧–૪–૭–૧૦ સ્થાનમાં રાશિ આવે છે તેથી ૧–૪–૭–૧૦ સ્થાનનું ફળ બુધ–ગુરૂ આપનાર બને છે.નક્ષત્ર પધ્ધતિ નાડી શાસ્ત્રને અનુસરે છે.બુધ – ગુરૂની રાશિ(નું લગ્ન) બુધની રાશિ મિથુન – શુદ્ર કાલ,કન્યા રાશિ – વૈશ્યકાલ,ધન રાશિ–ક્ષત્રિયકાલ,મીન રાશિ – વિપ્રકાલ જે સ્થળે ઉદિત થાય તે સ્થળે જન્મનાર જાતકને ફળ મળે છે. નક્ષત્ર પધ્ધતિ નાડી શાસ્ત્રના આ સિધ્ધાંતને અનુસરે છે.

(૧૩) એવો નિયમ તારવી શકાય કે નાડીઅંશનો સ્વામી (બુધ) અને રાશિનો સ્વામી (ગુરૂ)જે ભાવનો માલિક હોય તેનું ફળ જાતકને તે ગ્રહની રાશિમાં લગ્ન આવે ત્યારે મળે છે.ગ્રહોનું પણ આ પ્રમાણે ફળ કથન થાય છે. નક્ષત્ર પધ્ધતિ નાડી શાસ્ત્રના આ સિધ્ધાંતને અનુસરે છે.

(૧૪) ભચક્રમાં રાશિ અને નક્ષત્ર મુખ્ય ગણાય છે. આ રાશિના સ્વામી અને નક્ષત્રના સ્વામીનો સંબંધ જાતકને ફળ આપનાર બને છે.કયારે ફળ આપે તેનો આધાર ભચક્રના રાશિ સ્વામી અને નક્ષત્રનો સ્વામીનું લગ્ન ઉદિત થતું હોય અને ગ્રહ તેમાંથી પસાર થતો હોય ત્યારે ફળ મળે છે. નક્ષત્ર પધ્ધતિ નાડી શાસ્ત્રના આ સિધ્ધાંતને અનુસરે છે. (૧૫) ભચક્રમાં રાશિ અને નક્ષત્ર

| અંશ–કલા | રાશિ | રાશિપતિ | નાડી પતિ–માલિક |
|---|---|---|---|
| ૧૩–૨૦ | મેષ | મંગળ | કેતુ |
| ૨૬–૪૦ | મેષ | મંગળ | શુક્ર |
| ૩૦–૦૦ | મેષ | મંગળ | સૂર્ય |
| ૧૦–૦૦ | વૃષભ | શુક | સૂર્ય |
| ૨૩–૨૦ | વૃષભ | શુક | ચંદ્ર |
| ૩૦–૦૦ | વૃષભ | શુક | મંગળ |

| અંશ–કલા | રાશિ | રાશિપતિ | નાડી પતિ–માલિક |
|---|---|---|---|
| ૬–૪૦ | મિથુન | બુધ | મંગળ |
| ૨૦–૦૦ | મિથુન | બુધ | રાહુ |
| ૩૦–૦૦ | મિથુન | બુધ | ગુરૂ |
| ૩–૨૦ | કર્ક | ચંદ્ર | ગરૂ |
| ૧૬–૪૦ | કર્ક | ચંદ્ર | શનિ |
| ૩૦–૦૦ | કર્ક | ચંદ્ર | બુધ |
| ૧૩–૨૦ | સિંહ | સૂર્ય | કેતુ |
| ૨૬–૪૦ | સિંહ | સૂર્ય | શુક્ર |
| ૩૦–૦૦ | સિંહ | સૂર્ય | સૂર્ય |
| ૧૦–૦૦ | કન્યા | બુધ | સૂર્ય |
| ૨૩–૨૦ | કન્યા | બુધ | ચંદ્ર |
| ૩૦–૦૦ | કન્યા | બુધ | મંગળ |
| ૬–૪૦ | તુલા | શુક્ર | મંગળ |
| ૨૦–૦૦ | તુલા | શુક્ર | રાહુ |
| ૩૦–૦૦ | તુલા | શુક્ર | ગુરૂ |
| ૩–૨૦ | વૃશ્ચિક | મંગળ | ગુરૂ |
| ૧૬–૪૦ | વૃશ્ચિક | મંગળ | શનિ |
| ૩૦–૦૦ | વૃશ્ચિક | મંગળ | બુધ |
| ૧૩–૨૦ | ધન | ગુરૂ | કેતુ |
| ૨૬–૪૦ | ધન | ગુરૂ | શુક્ર |
| ૩૦–૦૦ | ધન | ગુરૂ | સૂર્ય |

| અંશ–કલા | રાશિ | રાશિપતિ | નાડી પતિ–માલિક |
|---|---|---|---|
| ૧૦–૦૦ | મકર | શનિ | સૂર્ય |
| ૨૩–૨૦ | મકર | શનિ | ચંદ્ર |
| ૩૦–૦૦ | મકર | શનિ | મંગળ |
| ૬–૪૦ | કુંભ | શનિ | મંગળ |
| ૨૦–૦૦ | કુંભ | શનિ | રાહુ |
| ૩૦–૦૦ | કુંભ | શનિ | ગુરૂ |
| ૩–૨૦ | મીન | ગુરૂ | ગુરૂ |
| ૧૬–૪૦ | મીન | ગુરૂ | શનિ |
| ૩૦–૦૦ | મ્ીન | ગુરૂ | બુધ |

(૧૬) ભચક્રમાં

**નાડી અંશ આધારે ૧ થી ૧૨ ભાવ ના પેટા વિભાગો નું ફળ**

| ભાવ : – | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|---|
| પેટા વિભ ાગ ના ભા વ | | | | | | | |
| ૧ | શરીરનો કલર | યોગ–સિધ્ધિ | આયુષ્ય | શોખ | બુધ્ધિ , સમજ શકિત | દેણું, વિરોધ, દલીલ તક રાર | બાદશાહી– સન્માન |
| ૨ | શરીર | કુટુંબ – ફેમીલી | દલીલ, તકરાર – દેણું, (વિરોધ) | ચોપગા પ્રાણીઓ હીન કોટીના મા ણસો | ભાઈઓ | ચોરી | શાખા – ઈજ્જત – ઈમેજ |
| ૩ | માથું | ધન,સંપતિ | મોજ,મજા, આનંદ | યાત્રા,તિર્થધામ | ભવિષ્ય નો જન્મ | જાતીય રો ગો | વ્યાપાર |
| ૪ | પેટ, જઠર | આંખો | નોકર | માતા | યોગ, સાધના, યોગની પ્રેકટીસ | ઝેર | બીજી પત્ની |
| ૫ | વિચાર | જીભ,શિક્ષણ વાણી | સંગીત, અવાજ, ગાવું,વગાડવું | શિક્ષણ | માતા ના દા દા નાના | કેદમા હોવુ | મૃત્યુ |
| ૬ | કંગાલીયત, દુ:ખ,પીડા | ખજાનો, જમીન, મકાન , મિલ્કત | હિંમત, બહાદુરી | વાહન | મામા, માસા | શારિરીક અશકિત | બાળકો સાથે સંબંધ |
| ૭ | માન, પ્રતિષ્ઠા | સચ્ચાઈ | નાના ભાઈ બહેન | સારુ વર્તન | પૂવ જન્મ | માનસિક ઊપાધી | કેટુંબીક વાતાવરણ |
| ૮ | ભકિત, ધાર્મિકતા | ધાર્મિક જ્ઞાન શાસ્ત્રોકત જ્ઞાન | કાનની માં દગી | ધંધો | ધાર્મિક પુસ્તક | જખમ, ઈ જા | સહવાસ |
| ૯ | સુખ ભોગવવું | એકાગ્રતા | કાનના આ ભુષણ | ઘર | સંતાન | દુશ્મન | લગ્ન સાથી |

| નાડી અંશ આધારે ૧ થી ૧૨ ભાવ ના પેટા વિભાગો નું ફળ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ભાવ : — | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| પેટા વિભાગ ના ભાવ | | | | | | | |
| ૧૦ | જીંદગી નો આનંદ | પ્રેરણા | કુટુંબની સ્થિતિ | સફળતા | ગર્ભાવસ્થા | ચિત્રકારી કલા | લગ્ન |
| ૧૧ | આયુષ્ય | કિંમતિ ધાતુ | આસ્થા, શ્રધ્ધા, વિશ્વાસ | આશ્વાસન, સુખ, ચેન | મંત્ર,તંત્ર, આધ્યાત્મિક અભ્યાસ, ગૂઢ રહસ્ય | પિતરાઈ સાથ અણબનાવ, તકરાર, ઝગડો | અદાલતમા ફરીયાદ |
| ૧૨ | ભવિષ્ય નો જન્મ | રત્નો, ઝવેરાત | સફળતા | દફનાવેલો ખજાનો જમીન નો ખજાનો | વિવેકશકિત ભેદ કરવો | અસાધ્ય રોગ | ઓરમાન સંતાન |

| નાડી અંશ આધારે ૧ થી ૧૨ ભાવ ના પેટા વિભાગો નું ફળ | | | | | |
|---|---|---|---|---|---|
| ભાવ : — | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| પેટા વિભાગ ના ભાવ | | | | | |
| ૧ | અપકિર્તિ અપમાન ફજેતી | ધાર્મિક સ્થળ નો જીણોધાર કરવો | દયા, કરુણા | વિજાતિય વ્યકિત સાથે સંબંધ | વિદેશ માં રહેઠાણ |
| ૨ | નાંણાકીય નુકશાન | શૈક્ષણીક સંસ્થા | કામ,પગલા લેવા વર્તન | સ્નાતકીય અભ્યાસ | ખર્ચાઓ |
| ૩ | માનવ હીંસા, ખૂની | નવીનીકરણ, જીર્ણોધાર કરવો | રાજ મહેલ જેવું મકાન | મિલ્કત દ્રારા સમૃધ્ધિ | ખર્ચાળ મોજશોખ |
| ૪ | છેતર પીંડી | દીક્ષા આપવી | પૂજા,અર્ચના,ભકિત, એકનિષ્ઠા | વાહન | પથારીનું સુખ |
| ૫ | ઝર નું જોખમ | યોગ,સાધના | પરાક્રમ, બહાદુરી, વિરતા | શાંતિ | સજા,શિક્ષા |
| ૬ | કેદમા હોવું | કુવો,તળાવ,વાવ ખોદાવવી | માન,પ્રતિષ્ઠા,કિર્તિ, સન્માન | અમૂલ્યવસ્ત્રો, શણગારની વસ્તુઓ | દામ્પત્ય જીવનનું સુખ |
| ૭ | પરાજય ,હાર | આધ્યાત્મીક જ્ઞાન | ફળદ્રુપતા | નૃત્ય,સંગીત,નાટક | આધ્યાત્મિક કામ, જાદુ, કામણ |
| ૮ | લડાઈ ,વિનાશ, મૃત્યુ | સંન્યાસ, સંસાર છોડી દેવો | મોંઘાવસ્ત્રો, | ધાર્મિક સમુદાય | વેપારઅંગે ની જળ યાત્રા |
| ૯ | આમ જનતા નો ગુસ્સો પ્રકોપ,ક્રોધ | પિતા | વિદેશી જગ્યા | સરકાર પર પ્રભાવ | મૃત્યુ બાદ નું વર્ણન– કથન |
| ૧૦ | ઉચાઈ એથી નીચે પડવું | વારસાની મિલ્કત, બાપ દાદાની મિલ્કત | પૂણ્યશીલકામ , સદ્દગુણીવાત | જળ માર્ગે લાંબી મુસાફરી | નિઃસ્વાર્થ કામ |
| ૧૧ | સ્થાયી માદંગી | દાન વૃતિ,ઉદાર વૃતિ | નોકરી, ધંધો, વેપાર | મોટા ભાઈ બહેન | ધાર્મિક તપસ્યા |
| ૧૨ | નકામુ,ખોટુ સાહસ | સદભાગ્ય | મિલ્કત મેળવવી | સામાન્ય સમૃધ્ધિ, આબાદિ | ઉદેશવિનાનો પ્રવાસ–સફર |

આ તમામ જરૂરીયાત તથા અન્ય ઉપયોગી માહિતી લેખકે પોતાની વેબ સાઈટ

" **NADIANSHASTROLOGY.COM** " વિકસાવેલ છે.તેમાં ઈ–બુક તથા આ અંગેનો સોફટવેર નજીવા દરે વાચકોને ઉપયોગી થાય તે પ્રમાણે તૈયાર કરાવી મુકેલ છે. જેના ઉદાહરણઃ–

નીચેના ગ્રહો ગ્રહના સ્થાનથી જે તે ભાવનું શુભ ફળ આપે છે.

| ભાવ | સૂર્ય | ચંદ્ર | મંગળ |
|---|---|---|---|
| ૧ | સૂર્ય,ગુરૂ,શનિ | ચંદ્ર,શુક્ર | સૂર્ય,મંગળ,બુધ,ગુરૂ |
| ૨ | સૂર્ય,ગુરૂ,શનિ | બુધ,ગુરૂ,શુક્ર | સૂર્ય,ચંદ્ર,મંગળ,બુધ,ગુરૂ |
| ૩ | ચંદ્ર,મંગળ,ગુરૂ | સૂર્ય,ચંદ્ર,મંગળ,શુક,શનિ | ચંદ્ર,શુક્ર,શનિ |
| ૪ | સૂર્ય,ગુરૂ,શનિ | બુધ,શુક્ર | સૂર્ય,મંગળ,બુધ,ગુરૂ |
| ૫ | મંગળ,બુધ | ગુરૂ,શુક્ર | ચંદ્ર,શુક્ર,શનિ |
| ૬ | ચંદ્ર,મંગળ,બુધ, | સૂર્ય,ચંદ્રમંગળ,બુધ,શનિ | શુક્ર,શનિ |
| ૭ | સૂર્ય,ચંદ્ર,ગુરૂ,શનિ | ચંદ્ર,ગુરૂ | સૂર્ય,ચંદ્ર,મંગળ,બુધ,ગુરૂ |
| ૮ | સૂર્ય,ચંદ્ર,ગુરૂ,શુક્ર,શનિ | બુધ,શુક્ર | સૂર્ય,ચંદ્ર,મંગળ,બુધ,ગુરૂ |
| ૯ | સૂર્ય,બુધ,ગુરૂ | ચંદ્ર,ગુરૂ,શુક્ર | સૂર્ય,બુધ,શુક્ર |
| ૧૦ | સૂર્ય,ચંદ્ર,મંગળ,ગુરૂ,શનિ | સૂર્ય,ચંદ્ર,બુધ | સૂર્ય,ચંદ્ર,મંગળ,બુધ,ગુરૂ,શનિ |
| ૧૧ | સૂર્ય,ચંદ્ર,મંગળ,<br>બુધ,ગુરૂ,શુક્ર,શનિ | સૂર્ય,ચંદ્ર,મંગળ,<br>બુધ,ગુરૂ,શુક્ર,શનિ | સૂર્ય,ચંદ્ર,મંગળ,શનિ<br>બુધ,ગુરૂ,શુક્ર, |
| ૧૨ | બુધ,શુક્ર | શુક્ર | શુક્ર,શનિ |

નીચેના ગ્રહો ગ્રહના સ્થાનથી જે તે ભાવનું શુભ ફળ આપે છે.

| ભાવ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|
| ૧ | ચંદ્ર,બુધ,ગુરૂ | ચંદ્ર,ગુરૂ | બુધ,શુક્ર | સૂર્ય,મંગળ,બુધ |
| ૨ | ગુરૂ | ચંદ્ર,ગુરૂ | બુધ,ગુરૂ,શુક્ર | સૂર્ય,ચંદ્ર,બુધ |
| ૩ | સૂર્ય,ચંદ્ર,મંગળ,બુધ,શુક્ર | ગુરૂ | ચંદ્ર,બુધ,શુક્ર, | ચંદ્ર,ગુરૂ,શુક્ર,શનિ |
| ૪ | ચંદ્ર,ગુરૂ | ચંદ્ર,ગુરૂ | ચંદ્ર,બુધ,શુક્ર | સૂર્ય,મંગળ,બુધ,શુક્ર |
| ૫ | ચંદ્ર,મંગળ,બુધ,ગુરૂ,શુક્ર | સૂર્ય,શુક્ર,શનિ | ચંદ્ર,બુધ,ગુરૂ,શુક્ર | ચંદ્ર,ગુરૂ,શુક્ર,શનિ |
| ૬ | સૂર્ય,મંગળ,બુધ,શુક્ર,શનિ | સૂર્ય,મંગળ,બુધ,શનિ | સૂર્ય,મંગળ,ગુરૂ,શનિ | ચંદ્ર,ગુરૂ,શનિ |
| ૭ | ચંદ્ર, | ચંદ્ર,ગુરૂ | સૂર્ય,ચંદ્ર, | સૂર્ય,મંગળ,બુધ |
| ૮ | ચંદ્ર,શનિ | ચંદ્ર,બુધ,ગુરૂ,શુક્ર | બુધ,શુક્ર | સૂર્ય,બુધ,શુક્ર |
| ૯ | સૂર્ય,બુધ,ગુરૂ,શુક્ર,શનિ | સૂર્ય,શુક્ર | ચંદ્ર,બુધ,ગુરૂ,શુક્ર | સૂર્ય,મંગળ,બુધ,શુક્ર |
| ૧૦ | સૂર્ય,ચંદ્ર,બુધ,ગુરૂ,શનિ | ચંદ્ર,મંગળ,ગુરૂ,શુક્ર | ચંદ્ર,,ગુરૂ,શુક્ર | સૂર્ય,મંગળ,બુધ,શુક્ર |
| ૧૧ | સૂર્ય,ચંદ્ર,મંગળ,<br>બુધ,ગુરૂ,શુક્ર,શનિ | સૂર્ય,ચંદ્ર,મંગળ,<br>બુધ,ગુરૂ,શક્ર,શનિ | ચંદ્ર,મંગળ,<br>બુધ,ગુરૂ,શુક્ર,શનિ | સૂર્ય,ચંદ્ર,મંગળ,શનિ<br>બુધ,ગુરૂ,શુક્ર |
| ૧૨ | સૂર્ય,બુધ,શનિ | બુધ,શનિ | સૂર્ય,શનિ | – |

''નાડીગ્રંથ એક અભ્યાસ'' માં નાડીના નામ,ષોડશવર્ગ,પૂર્વ–ઉત્તર ભાગ,જાતિ,વર્ણ, ગુણ,માતા,પિતા,ભાઈ,બહેન,પતિ – પત્નિ ની રાશિ વગેરે,ચર,સ્થિર, દ્વિસ્વભાવ રાશિ અને નાડીના નામ આધારે કોષ્ટકના સ્વરૂપે આપવામાં આવેલ છે.

ગ્રંથ–આ પુસ્તક ઘણું જ મોટુ હોય તેના જદા–જદા ભાગમાં પ્રસિધ્ધ કરવામાંઆવેલ છે. દરેક વિભાગમાં જુદા–જુદા વિષયો નો સમાવેશ કરવામાં આવેલ છે. પત્નિ–પતિની કુંડલીના ગ્રહો શોધવાની પધ્ધતિનો સમાવેશ કરવામાં આવેલ છ. અમુ ક ઈ – બુક અંગ્રેજીમાં પણ મુકેલ છે.

## પ્રકરણ – ૩

## નાડી અંશમાં ગ્રહનો સંબંધ નીચેની બાબતોનું ફળ આપે છે.

૧ – શનિ ૧–૫–૯ માં હોય અને ૩–૭–૧૧માં મંગળ –કેતુ હોય અથવા ૨–૬–૧૦મા શનિ હોય અને૪–૮–૧૨ મંગળ– કેતુ ,સામાન્ય જીવનમાં અને લગ્ન જીવનમાં તકલીફ આપે

૨– ગુરૂ શુક્રનો સંબંધ દરેક પ્રકારનું સુખ આપે

૩– શુક્ર શત્રુ ક્ષેત્રી અથવા નીચનો અથવા બુધ અને સૂર્ય સાથે લગ્ન જીવનના સુખમાં ઉણપ આપે

૪–શનિ–રાહુ–ચંદ્રનો સંબંધ ગર્ભાશયની ખામી બતાવે.

૫– રાહુ થી ૩જે મંગળ પત્નિ ગુસ્સા વાળી હોય અને સહન કરવી પડે.

૬– બુધ – મંગળ સંઘર્ષમય જીવન,દુ:ખી,સાધુ જીવન આપે.

૭– ગયા ભવના કર્મો "કેતુ" જયાં રહેલ હોય ત્યાં પુરા થાય છે.

૮–શનિ પછી રાહુ કે કેતુ લગ્ન મોડા કરાવે.

૯ –શુક્ર થી બારમે મંગળ લગ્ન મોડા કરાવે

૧૦ – ચંદ્ર થી બીજે રાહુ કે ત્રિકોણમાં રાહુ માનસીક બીમારી આપે.પાણીમાં ડુબતી બચેલી હોય. ખર્ચાળ હોય.

૧૧ – સૂર્ય બુધ હિસાબ વિદ્યા આપે,મંગળ બુધ ગણિતશાસ્ત્રમાં આગળ લાવે,રાહુ બુધ જાત જાત ની વિદ્યા આપે.

૧૨– શનિ સાથે મંગળ કેતુ કલાર્ક,ટેકનીશીયન,પટાવાળા,સ્વીપર બનાવે.શનિ–ગુરૂ અથવા ગુરૂ–સૂર્ય ઓફીસર બનાવે.

૧૩– શનિ કામ ધંધો આપે બુધ– રાહુ સાથે વાયુ ને લગતો,શુક–ચંદ્ર સાથે કલાકાર,આર્ટીસ્ટ બનાવે.બુધ સાથે જમીનોના માલિક બનાવે તેને લગતા ધંધા આપે,દલાલી ને લગતા ધંધા આપે, આળસુ બનાવે, ભણતર ઓછુ આપે. મંગળ સાથે યંત્ર,મશીનરી જેવા ધંધા આપે.ગુરૂ સાથે ભણવુ ,ભણાવવુ, કર્મકાંડ,ધાર્મિક સંસ્થાનો વડો, ધાર્મિક કાયો કરનાર.

૧૪– ગુરૂ–સૂર્ય–મંગળ સરકારમાં ઉચ્ચ હોદ્દો આપે, શનિ – મંગળ– કેતુ આધ્યામીક ઉન્નતિ આ પે,સાધુ જેવુ જીવન આપે.ચંદ્ર – બુધ ધીકતો ધંધો આપે.શનિ સાથે ગુરૂ – શુક્ર કે શનિ સાથે શુક્ર – બુધ અઢળક સમૃધ્ધિ આપે.રાહુ સાથે સંબંધ સમૃધ્ધિમાં ઉતરોતર વધારો કરે.

૧૫ – ગુરૂ–સૂર્ય– કેતુ સારા ભષ્યિવેતા બનાવે.

૧૬– અંશાત્મક સૂર્ય,બુધ,શુક્ર મિત્ર ગણાય,સૂર્ય, શુક્ર, બુધ મિત્ર ગણાય નહી, બુધ ,શુક્ર,સૂર્ય મિત્ર ગણાય નહી.શુક્ર–સૂર્ય–બુધમાં શુક્ર–સૂર્ય શત્રુ,અને સૂર્ય–બુધ મિત્રગણાય.

૧૭– શુક્ર જમીન,મકાન,સમૃધ્ધિ આપનાર છે. શુક્ર સાથે અથવા ૨,૭ મંગળ– બુધ જમીન,મકાન આપે છે.

રહેણાંકના મકાનમાંથી પુષ્કળ ધન–નફો ગુરૂ–મંગળ આપે.બુધ એટલે જમીન–માટી,મંગળ એટલેપત્થર,શુક્ર એટલે સમૃધ્ધિ.

૧૮ –શત્રુ ક્ષેત્રી અથવા નીચ રાશિમાં રહેલ ગ્રહ જે સગા–સંબંધીનું પ્રતિનિધિત્વ કરતો હોય તેની સાથે સંબંધો સારા આપે નહી.

૧૯ –રાહુ થી બારમે શનિ અને રાહુ થી કેતુ સુધીમાં કોઈ ગ્રહ ન હોય તો આ જાતકની તમામ બાબતો ચોકકસ રહેશે નહી

૨૦ – ગ્રહોથી ૨–૭–૧૨ સ્થાનમાં કોઈ ગ્રહ ન હોય તો આ જાતકનું જીવન દુઃખદર્દ ભરેલું પસાર થાય.

૨૧ – શનિ – રાહુ પછીના ૪ સ્થાનમાં કોઈ ગ્રહ ન હોય તો જાતકનું જીવન સામાન્ય સ્થિતિમાં પસાર થાય.

૨૨ – ગુરૂ ની આગળ – પાછળના ૪ સ્થાનમાં કોઈ ગ્રહ ન હોય તો આ જાતકનું જીવન નાનપણ થી એકલવાયુ અને ભટકતુ જીવન આપે.

૨૩ – કારક ગ્રહો :–સૂર્ય– પિતા,કીર્તિ,માન મોભો,સરકાર,રાજકારણ,પ્રતિભા

મંગળ– ભાઈ,પતિ,માંગલ્ય,પુરૂષાર્થ,નવી નોકરી,ઉત્સાહ,તાકાત

શનિ–બુધ–રાહુ પણ ભાઈઓના કારક છે. બુધ–ચંદ્ર એકી રાશિમાં પુરૂષ.

બેકી રાશિમાં સ્ત્રી ગણાય છે.શનિ મકર રાશિમાં પુરૂષ,કુંભ રાશિમાં સ્ત્રી ગણાય છે.

બુધ બુધ્ધિ,ચતુરાઈ સુખ સગવડો,જમીન,મકાન,ધંધાદારી જગ્યા, ધંધો.

ગુરૂ સંતાન,ગહન આધ્યામીક વિદ્યા,નાણાં,ધર્મયાત્રા,દેવી ઉપાસના.

શુક્ર પત્નિનો,સમૃધ્ધિ અને સુખ,ઘરના બધા સ્ત્રી સભ્યોનો કારક છે.

શનિ કર્મ અને દરેક જાતની પ્રવૃતિ,

રાહુ બીમારી,દુઃખ,દર્દ ,અગમનિગમ,ભાગીદારી છુટી પડવી/પાડવી,ભાઈ ભાગ ,દાદા

કેતુ સંઘર્ષ,મોક્ષ,ગયાભવના કર્મો,નાના

૨૪ – સૂર્ય, શુક, બુધ મિત્ર ગણાય નહી,તેની સાથે શનિ સંબંધ પિતાનું જીવન ગુલામ જેવું હોય.

૨૫ – ગુરૂ થી બીજે રાહુ અથવા કેતુ ખરાબ પરિણામ આપે.મંગળ થી બીજે કર્કનો શુક્ર હલકી કક્ષા ના સ્ત્રી–પુરૂષના સંગમાં આવે અને ખાનગી આવડતો શીખે,ખરાબ આદતો પડે.

૨૬ – પુરૂષના જન્માક્ષર ગુરૂ થી અને સ્ત્રીના જન્માક્ષર શુક્ર થી જોવાની પ્રથા છે.

૨૭ – સૂર્ય–ગુરૂ જીવ અને આત્માનો સંયોગ છે.અગાઉથી જાણી લેવાની શકિત આપે.સારા ભવિષ્યવેતા બનાવે છે.

૨૮ – મંગળ – કેતુ,શનિ અથવા નીચ મંગળ–રાહુ આજ્ઞાંકિત પતિ આપે.પોતાની સ્ત્રીથી પરેશાન થાય.

૨૯ – લડાઈ,ઝગડા,કોર્ટ કચેરી,મંગળ–કેતુ આપે.મંગળ–શુક્ર– કેતુ,અથવા .મંગળ કે શુક્ર– શનિ –રાહુ લગ્નજીવન સંઘર્ષમય બનાવે,છુટાછેડા,કરાવે.

૩૦ – ચંદ્ર – શુક્ર–રાહુ,બુધ–શનિ–રાહુ,શનિ–મંગળ–રાહુ,ચંદ્ર–બુધ–મંગળ,મંગળ થી બીજે સૂર્ય –ચંદ્ર–રાહુ, બુધ–શુક્ર થી બીજે મંગળ–કેતુ,મંગળથી બીજે સૂર્ય–રાહુ–બુધ–શુક્ર,,મંગળથી બીજે બુધ–શુક્ર,શનિથી બુધ–શુક્ર આ સંબંધો કુટુંબસુખનો અભાવ આપે, કુટુંબસુખ માણવા દેતા નથી. લડાઈ,ઝગડા થાય.જુદા રહેવાના પ્રસંગો બને.

૩૧ – મંગળના શત્રુ ગ્રહો બુધ,રાહુ,શનિ,ચંદ્ર કે શુક્રના શત્રુ ગ્રહો બુધ,ચંદ્ર,કેતુ નો સંબંધ લગ્નજીવનનું સુખ માણવા દેતો નથી.મંગળ શત્રુ ગ્રહ બુધ,રાહુ,શનિ,ચંદ્રના નક્ષત્રમાં હોય કે શુક્ર શત્રુ ગ્રહ બુધ,ચંદ્ર, કેતુના નક્ષત્રમાં હોય તો લગ્નજીવનનું સુખ માણવા દેતા નથી.

૩૨– શુક્ર જે સ્થાનમાં હોય તેના પછીના સ્થાનમાં પુરૂષ ગ્રહ હોય તો પુત્ર જન્મ અને સ્ત્રી ગ્રહ હોય તો સ્ત્રી જન્મ થાય છે. સ્ત્રી ગ્રહો :–કેતુ–શુક્ર ,પુરૂષ ગ્રહો :– સૂર્ય,મંગળ,ગુરૂ,રાહુ છે.ચંદ્ર,શનિ,બુધ એકી રાશિમાં પુરૂષ ગ્રહો અને બેકી રાશિમાં સ્ત્રી ગ્રહો ગણાય છે.શનિ મોટો પુત્ર અને બુધ નાનો ભાઈ કે યુવરાજ ગણાય છે. બુધ પુરૂષ ગ્રહો સાથે પુરૂષ ગ્રહ અનેં સ્ત્રી ગ્રહો સાથે સ્ત્રી ગ્રહ ગણાય છે.

૩૩ – શુક્ર જે રાશિમાં હોય તે રાશિની પત્નિની ગામની દિશા જાણવી.અને મંગળની જે રાશિ હોય તે રાશિની પતિના ગામની દિશા જાણવી.

૩૪– કુંભના સૂર્ય અને બુધ હોય રાહુનુ નક્ષત્ર હોય પિતાને કોઈનો શ્રાપ હોય છે.જાતકને કોઈ શ્રાપ હોતો નથી.જે ગ્રહ રાહુના નક્ષત્રમાં હોય તે ગ્રહ જાતકને સંબંધમાં જેનો કારક હોય તેને કોઈ નો શ્રાપ હોય છે.શુક્ર પત્નિનો કારક છે.શુક્રનું રાહુ નક્ષત્ર હોય તો જાતકના પત્નિને–બહેનને કોઈ નો શ્રાપ હોય છે.મંગળનું રાહુ નક્ષત્ર હોય તો જાતકના ભાઈને કોઈનો શ્રાપ હોય છે.બુધનું રાહુ નક્ષત્ર હોય તો જાતકના કાકા–મામાને કોઈનો શ્રાપ હોય છે. ચંદ્રનું રાહુ નક્ષત્ર હોય તો જાતકના માતાને કોઈનો શ્રાપ હોય છે.સૂર્યનું રાહુ નક્ષત્ર હોય તો જાતકના પિતાને કોઈનો શ્રાપ હોય છે. પિતા પાપના બોજા હેઠળ દબાયલો હોય છે.સૂર્યનું રાહુ સાથેનો સંબંધ સંતાનની તકલીફ આપે. બાળકો આછુ જીવે અથવા બાળકો થાય નહી. ચંદ્રનું રાહુ સાથેનો સંબંધ સંતાનની તકલીફ આપે. બાળકો આછુ જીવે અથવા બાળકો થાય નહી. ગર્ભાશયની તકલીફ આપે.રાહુ સાથે નો સંબંધ જે તે જાતકનો બીજો ભવ કે અવતાર હોતો નથી.શુક્ર શત્રુ રાશિ કર્કમાં કુટુંબની સ્ત્રીઓ ઉપર ગયા ભવના શ્રાપને કારણે બધી દુઃખી હોય છે.સાસુ–વહુના ઝગડા થાય.કુંટુંબમાં વારંવાર નુકશાની આવે. દારૂ જેવા પીણાનું વ્યસન આપે. ગુરૂનું રાહુ નક્ષત્ર હોય તો જાતકના સંતાનન તથા પોતાને કોઈનો શ્રાપ હોય છે.(ગુરૂ એટલે જીવ પોતે ) ગયા ભવનો દોષ હોય છે.રાહુ એટલે દાદાની પેઢીમાં લાગેલો દોષ ગણાય છે.આ પ્રમાણે કેતુ નું નક્ષત્ર હોય તો કેતુ એટલે નાનાની પેઢીમાં લાગેલો દોષ ગણાય છે.આવા દોષને કારણે જે તે જાતક જીવનમાં બહુ જ મુશ્કેલીનો સામનો કરવો પડે તથા જીવન સંઘર્ષમય પસાર થાય છે.

૩૫– ગુરૂ–મંગળ–શનિનો સંબંધ સુખી લગ્ન જીવન અને રાહુ–મંગળ–શનિનો સંબંધ દુઃખી લગ્ન જીવન

૩૬– શુક્રથી બીજે કેતુ પતિની પહેલા પત્નિનું મૃત્યુ થાય.મંગળ થી બારમે શુક્ર મોડા લગ્ન અને શુક્ર થી બારમે વહેલા લગ્ન થાય.

૩૭– બુધ સાથે શુક્ર કે મંગળનો સંબંધ લગ્નજીવનમાં અને કૌટુંબીક જીવનમાં ઉણપ.

૩૮–મંગળ સાથે શુક્ર કે કેતુનો સંબંધ એકથી વધારે સ્ત્રીઓ સાથે સંબંધ આપે.

૩૯–સૂર્ય થી બીજે બુધ–મંગળ ભાઈઓ–બહેનો વચ્ચે સારા સંબંધ ન હોય.આ જાતક કે તેની પત્નિને બીજા આડા સંબંધો હોય છે.

૪૦– શનિ–મંગળના સંબંધ જાતકને અકસ્માત કરાવે.

૪૧– શનિ –બુધ કે શનિ – શુક્ર નો સંબંધ હલકી કક્ષાના માણસો સાથે સંબંધ આપે.તથા ન ખાવા જેવી વસ્ત ખાય છે અને ન પીવા જેવી વસ્તુનું સેવન કરે છે. ચંદ્ર – મંગળ નો સંબંધ પણ હલકી કક્ષાના માણસો સાથે સંબંધ આપે.

૪૨ – શુક્ર સાથે મંગળ કે રાહુ નો સંબંધ પત્નિના સગા મુશ્કેલી આપે, પરેશાન કરે.
(શુક્ર એટલે પત્નિ) પત્નિ ગરમ સ્વભાવની હોય,ઉતાવળી હોય,પતિને અંકુશમાં રાખે છે.

૪૩ – મંગળ– રાહુ કે મંગળ – બુધ વારસાઈ સંપતિ મળે નહિ.

૪૪ – બુધ – શુક્ર – ચંદ્ર નો સંબંધ પુરૂષ / સ્ત્રી ને વિજાતીય ખરાબ સંબંધો આપે.અશ્વિાસ અને છેતરપીંડી થાય.

૪૫ – મંગળનો શનિ કે કેતુ સાથેનાં સંબંધ ભાઈ સાથે મનમેળ રહે નહિ,જાતક સાધુ જીવન પસાર કરે.

૪૬ – ચંદ્ર સાથે શનિનો સંબંધ કુટુંબની સ્ત્રીઓ બીજાને છેતરવાનો ધંધો,ખોટુ બોલી કમાણી કરે, ખોટા કામ કરે.(ચંદ્ર એટલે સ્ત્રી)

૪૭ – <u>ગ્રહોના નામ અને પર્યાય :</u>

(૧) સૂર્ય :– રવિ,ભાનુ,દિવાકર,આદિત્ય,અરૂણ,અર્ક,પ્રભાકર વગેરે.

(૨) ચંદ્ર :– અમૃત,કુમુદ,મૃગાંક,અંબુ,શશી,સોમ,ઈન્દુ વગેરે.

(૩) મંગળ :– પાપી,કુંજ,ભૌમ,અંગારક,ભૂમિસુત,સ્કન્દ વગેરે

(૪) બુધ :– સૌમ્ય,યજ્ઞ,વિત,કુમાર,ઈન્દુપુત્ર,તુંગ

(૫) ગુરૂ :– જીવ,વાચસ્પતિ,બૃહસ્પતિ,મંત્રી,દેવમંત્રી,આંગિરસ

(૬) શુક્ર :– ભૃગુસુત,ભૃગુ,કાવ્ય,દૈત્યગુરૂ,ભાર્ગવ વગેરે

(૭) શનિ :– મંદ,સૌરિ,યમ,નીલ,અર્કપુત્ર વગેરે

(૮) રાહુ :– સર્પ,તમ,ફણી,અગુ,કૃષ્ણવર્ણ વગેરે

(૯) કેતુ :– ધ્વજ,શિખી,

૪૮–ગ્રહો અને ભાવના કારકત્વ :

(૧) પ્રથમ ભાવ : સૂર્ય – આત્મા,ચંદ્ર – શરીર
(૨) બીજો ભાવ : ગુરૂ – નાંણા,બુધ– વાણી,શુક્ર – કુટુંબ
(૩) ત્રીજો ભાવ : મંગળ – ભાઈ અને હિંમત,શનિ દુઃખ,ચંદ્ર અને શુક્ર બહેન
(૪) ચોથો ભાવ : ચંદ્ર – માતા,બુધ – વિદ્યા,શુક્ર – ગાડી,વાહન
(૫) પાંચમો ભાવ : ગુરૂ – સંતાન, બુધ– બુધ્ધિ,રાહુ દાદા(પિતાના પિતા)
(૬) છઠો ભાવ : મંગળ – શત્રુ,શનિ – દેણુ ,માંદગી ,બુધ – મામા,ઓરમાન માતા,માસી
(૭) સાતમો ભાવ : શુક્ર – પત્નિ,મંગળ– કામ શકિત,ગુરૂ– પતિ

(૮) આઠમો ભાવ : શનિ – આયુષ્ય,માનસીક,શારીરિક દુ:ખ ,કષ્ટ

(૯) નવમો ભાવ : ગુરૂ – ધાર્મિક વિદ્યા,ઉપાસના,ભકિત,દાન,ધર્મ, ભાગ્ય, સૂર્ય – પિતા,બીજી પત્નિ

(૧૦) દશમો ભાવ : સરકાર,યાત્રા,સૂર્ય–પિતા અને હોદો,કેન્દ્ર–રાજય– સરકાર,સમાજ સેવા,શનિ –નોકરી,આજીવિકા,બુધ–વેપાર,છઠા સ્થાન થી પાંચમું સ્થાન ઓરમાન ભાઈ –બહેન

(૧૧)અગીયારમો ભાવ : ગુરૂ – લાભ અને મોટોભાઈ,બહેન,ધાર્મિક કાર્યો,ધર્મ ગ્રંથો,ન વમાંથી ત્રીજુ સ્થાન કાકા,ફઈબા,પાંચમાં સ્થાન થી સાતમું સ્થાન પુત્રવધૂ, જમાઈ

(૧૨) બારમો ભાવ : શનિ–દેણું,કેતુ –મોક્ષ,મંગળ –કેદ,ગુરૂ –જ્ઞાન,શુક્ર

– ભૌતિક સુખસગવડ,કેતુ –નાના (માતાના પિતા),નવમા સ્થાન થી ચોથુ સ્થા ન પિતાના માતા જાતકની દાદીમાં

૪૮– કેતુનો પર્યાય ધ્વજ,શિખી થાય છે જે દેવ – મંદિરનું સુચન કરે છે.

શુક્ર અને ચંદ્ર – બુધ બેકી રાશિ દેવી સ્વરૂપ છે.શનિ શીવજી સ્વરૂપ છે.બુધ એકી રાશિ –

વિષ્ણુ, શિવ,ગુરૂ–બ્રહમા ,સૂર્ય – વંશના ગુજરી ગયેલા પુરૂષ,કુલ દેવતા.શનિ–મંગળ

– હનુમાનજી,મંગળ– ઉગ્ર સ્વભાવના દેવનું પ્રતિનિધીત્વ કરે છે.કેતુ સાથેનો સંબંધ જે ગ્રહ સાથે હોય તે ગ્રહ જે દેવનું સુચન કરતો હોય તે દેવની જાતક ભકિત કરે છે.રાહુ નો સંબંધ હલકા કાય માટે,બીજાને હેરાન કરવા માટે ભકિત કરે છે. અથવા ભકિતનો ખોટો આડંબર કરેછે.

૪૯– મેષ–સિંહ–ધન રાશિ પૂર્વ દિશાનું સુચન કરે છ.વૃષભ–કન્યા–મકર દક્ષિણ દિશા દર્શાવે છે.

મિથુન – તુલા – કુંભ પશ્ચિમ દિશા દર્શાવે છે.કર્ક – વૃશ્ચિક – મીન ઉતર દિશા દર્શાવે છે.

રાહુ – કેતુ જે રાશિમાં હોય તેની દિશામાં રસ્તો – રોડ હોય છે.ચંદ્ર–શુક્ર પાણીના કારકો છે

અને મંગળ – કેતુ અવરોધ કરનાર છે તથા રાહુ મોટુ – વિશાળતા દર્શાવે છે.

૫૦––કેતુનો પર્યાય ધ્વજ,શિખી થાય છે કેતુ સાથે સંબંધ રાખનાર ગ્રહ પ્રમાણેગામમાં તે દિશા માં મંદિર હોય છે.રાહુ – .ચંદ્ર–શુક – અથવા કેતુ –ચંદ્ર–શુક જે રાશિમાં હોય

તેની દિશામાં પાણી – સમુદ્ર – ડેમ– નદી– કુવો – તળાવ –સંપ હાઉસ – પાણીની ઓવર હેડ ટાકી જેવી પાણીની વ્યવસ્થા દર્શાવે છે.

લગ્નાત્કર્મગતે ભૌમે શુભસંયુતવીક્ષીતે
સતકર્માચારબુદ્ધિઃ સ્યાત્ પિતૃધર્મપરાયણઃ
પિતામહસ્ય વંશે વા પિતૃવંશે તથાપિ ચ
ગંગાયાત્રાફલપ્રાપ્તિર્ગુહાંશે નાત્ર સંશયઃ
જીર્ણોદ્ધારણ ધર્માદે ગુહાંશે પરિપાલકઃ
ઉતરાંશે ભ્રાતૃમૂલાદ્ બહુધર્મપ્રદો ભવેત્

ગુહાંશ નાડીઅંશ કુંભ લગ્નમાં,લગ્નથી કર્મ(દશમા)ભાવમાં મંગળ શુભ ગ્રહની યુતિ યા દષ્ટિમાં ,ગંગાયાત્રા,જુના મંદિરોના નવ નિર્માણાના ધાર્મિક કાર્યો કરે છે.ઉતરાંશમાં જન્મ હોય તો જાતક ના ધાર્મિક કાર્યોમાં જાતકના ભાઈનો પણ સહકાર હોય છે.

ગુહાંશ નાડીઅંશ,કુંભ લગ્ન,દશમાભાવમાં મંગળ સ્વગૃહી,શુભ ગ્રહની યુતિ યા દષ્ટિમાં (ગુરૂ–શુક્ર),પૂર્વભાગ ગંગાયાત્રા,જુના મંદિરોના નવ નિર્માણના ધાર્મિક કાર્યો કરે છે.ઉતરભાગમાં જન્મ હોય તો જાતકના ધાર્મિક કાર્યોમાં જાતકના ભાઈનો પણ સહકાર હોયછે.

કુંભ લગ્નમાં મેષ રાશિ ત્રીજા સ્થાનમાં આવે છે. કુંભ લગ્નમાં ગુરૂ–શુક –મંગલનો સંબંધમાં મંગલની એક રાશિ મેષ ત્રીજા સ્થાનમાં છે.મંગલની બીજી વૃશ્ચિક રાશિ દશમા ભાવમાં આવે છે. વૃશ્ચિક રાશિ પૂર્વ ભાગમાં આવે છે. મેષ રાશિ ઉતર ભાગમાં આવે છ.

પૂર્વ ભાગ :– ૫– સિંહ રાશિ થી ૬– કન્યા,૭– તુલા ૮– વૃશ્ચિક, ૯– ધન, ૧૦– મકર રાશિ પૂર્વ ભાગથી ઓળખાય છે.

ઉતરભાગ :– ૪ – કર્ક રાશિ થી ૩ – મિથુન, ૨– વૃષભ,૧– મેષ,૧૨ – મીન,૧૧ – કુંભ રાશિ ઉતરભાગથી

ઓળખાય છે.

કુટિલાંશે સિંહ લગ્ને પૂર્વભાગ સમુદભવઃ।
એક ભ્રાતૃયુતઃ શ્રીમાન્ માંસાહારપ્રિયો ભવેત્ ॥

સિંહ લગ્ન, કુટિલ નામનો નાડીઅંશ હોય,પૂર્વભાગ હોય તો એક ભાઈ હોય અને જાતકને માંસાહારપ્રિય હોય છે.

ભાતૃસ્થાનાધિપે શુક્રે રન્ધ્રેશેન સમન્વિતે।
ચંપકાંશે પ્રજાતઃ સ એકાકી ભ્રાતૃહીનવાન્ ॥
ભગીનીત્રયમાયુષ્યં શેષં નાશમિતીરયેત્ ।
સ્વભેદસોદરી ચૈકા સ્વભર્ત્રાનુગામિષ્યતિ ॥

ઉપરનું ઉદાહરણ સિંહ લગ્ન, ચંપક નામનો નાડીઅંશ હોય,૩ અને ૮માં સ્થાનનો અધિપતિ શુક્ર અને ગુરૂની યુતિ હોય, તો જાતક પોતે એકજ હોય છે. તેને કોઈ ભાઈઓ હોતા નથી ત્રણ બહેનો હોય છે. તેને ઓરમાન બહેન હોય છે.

સ્થિર રાશિમાં ચંપક નાડીઅશ છે. સિંહ રાશિથી ત્રીજાસ્થાનમાં રાશિ તુલા છે જે દશમા સ્થાનમાં વૃષભ રાશિ આવે છે તેથી ઓરમાન ભાઈ – બહેન નું કથન કરેલ હોય તેવું જણાય છે.

ઓરમાન ભાઈ–બહેન કુંભ લગ્નમાં પણ હોય છે.

(પૂર્વ ભાગ :– ૫– સિંહ રાશિ થી ૬– કન્યા,૭– તુલા ૮– વૃશ્ચિક, ૯– ધન,૧૦– મકર રાશિ પૂર્વ ભાગથી ઓળખાય છે.
ઉતરભાગ : ૪ – કર્ક રાશિ થી ૩ – મિથુન, ૨– વૃષભ,૧– મેષ,૧૨ – મીન,૧૧ – કુંભ રાશિ ઉતર ભાગથી ઓળખાય છે.)

દ્વિસ્વભાવ રાશિ ,શિવદા નાડી અંશ,ધન લગ્ન હોય તો શુક્રની નાડી બને છે.

શિવદાંશે ધર્નુલગ્ને પૂર્વભાગે પ્રજાયતે ।
વિપ્રજન્મા સુખી નિત્યં જયેષ્ઠભ્રાતૃવિનાશવાન્ ॥

ધન લગ્નમાં, *શિવદા* નાડીઅંશ શુક્રની તુલા રાશિ અગ્યારમાં ભાવમાં આવે છે તેના થી આઠમે વૃષભ રાશિ છઠાભાવમાં આવે છે જે ૧૧માં ભાવથી આઠમો થાય છે મોટાભાઈનો નાશ કરનાર બને છે.
એવું તારણ આવે કે ૫– સિંહ (સૂર્ય),૪ – કર્ક (ચંદ્ર) સિવાયના બુધ,મંગળ,શુક્ર,શનિ,ગુરૂ બે રાશિનું પ્રતિનિધીત્વ કરતાં હોય બંને રાશિના સમન્વય કરી ફળ કથન કરેલું છે.

કાંતાશે મકરે લગ્ને શુક્ર ત્રિશાંશગે તથા ।

મકર લગ્ન હોય,લગ્નમાં કાંતાનામનો નાડીઅંશ હોય,શુક્રનો ત્રિશાંશ હોય.....આનો અર્થ એવો થાય કે એક જ લગ્ન અને એક જ નાડીમાં જુદા જુદા ષોડશવર્ગ આવે.
એકજ નાડીઅશમાં વિપ્રકાલ, વૈશ્યકાલ, ક્ષત્રિયકાલ, શુદ્રકાલ,પૂર્વભાગ, ઉતર ભાગ કેવી રીતે મેળવી શકાય તેની ગણતરી યા સિધ્ધાંત નાડીકારે,નાડીગ્રંથોમાં આપેલ નથી.જે મેળવવાના કોઈ વિશિષ્ટ ગણતરી યા સિધ્ધાંત હોવા જોઈએ. તે માટે વિશિષ્ટ ગણતરીનું સંશોધન કરવાનું રહે છે.નાડીશાસ્ત્રના આધારે ફલકથન માટે આ વિશિષ્ટ ગણતરીની પ્રાથમીક જરૂરીયાત રહે છે.અથાગ પ્રયત્ન અને સંશોધન પછી એક જ નાડીઅંશમાં વિપ્રકાલ, વૈશ્યકાલ, ક્ષત્રિયકાલ, શુદ્રકાલ, પૂર્વભાગ, ઉતર ભાગ દરેક રાશિ માટે કેવી રીતે હોય છે તે જાણકારો માટે રજુ કરવામાં આવેલ છે. જુદા જુદા નાડી ગ્રંથોમાં નાડીઓના નામનાં ક્રમમાં ફેરફાર આવતો જોવામાં આવેલ છે.
( જેનું ગણિત લેખકે અન્ય બુકોમાં રજુ કરેલ છે. )